સાલ : ૨૧ / સિલસિલાવાર નંબર : ૧૭૯ / શુમારો : ૫ — કુલ પાના - ૧૬

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૫ / માર્ચ - એપ્રિલ ૨૦૨૪

# રિઝકે કરીમ

બંદએ ખતાવાર અને અબ્દે ગુનાહગાર વાસ્તે હમારા ખાલિક, હમારા રાઝિકે એક આઅલા અને આસાન બંદોબસ્ત કીધેલો છે. આ બંદોબસ્ત દોઆનો છે. દોઆ સાથે તૌબા કરવાનો છે. શહરૂલ્લાહિલ હરામનો મહીનો તૌબા કરવાનો છે. હમારા રાઝિકે તેના આ મહીનામાં હમારા વાસ્તે ભરપૂર રોઝી લખેલી છે. હમારા વાસ્તે રોઝી મુકર્રર છે, મખ્સૂસ છે અને કોઇ પણ ઝરીઆથી તે હમારા તરફ આવનાર છે. આ રોઝીને યા રિઝકને હાસિલ કરવાનો રસ્તો તૌબાનો છે. તૌબાનું બીજું નામ ઈસ્તિગફાર છે. **જો કોઇ બંદો સિદક દિલથી, સાચી નિય્યતથી મગફેરત ચાહે, તો તેને ઇસ્તિગફાર કહે છે.** હર બંદો પોતાની ઝિંદગીમાં એકવાર તો આ મોડ પર પહોંચે જ છે કે, જે વક્ત એ ઈકરાર કરે છે કે, મૈં ગુનાહગાર બંદો છું અને મને મારા પરવરદિગારથી મુઆફી ચાહવી જોઇએ.

કુરઆને કરીમમાં આલે ઈમ્રાનની સૂરતમાં ખુદાતઆલા આ જ મફહૂમની એક આયતે શરીફહમાં સાફ-સાફ ફરમાવે છે કે, "જે વક્ત લોગો કોઇ ફહેશ કામ કરી બેસે, બદકારી કરી બેસે યા ખુદ ઉપર ઝુલ્મ કરી દે તો તેઓ પર લાઝિમ છે કે, ફૌરન ખુદાતઆલાને યાદ કરે પછી પોતાના ગુનાહો વાસ્તે ઈસ્તિગફાર કરે, મુઆફી ચાહે, કેમકે, ખુદાતઆલા સિવાય બીજું કોઇ ગુનાહોંને મુઆફ કરી શકતું નથી. જે વક્ત આ લોગો મુઆફીની નિય્યત કરી લે છે તો તેઓ જાણી જોઇને પોતાની બદ કરતૂતો પર અડીને નથી રહેતા. યાઅની, ઝિદી બનીને પોતાની બદીનો ઈન્કાર નથી કરતા. આ તે જ લોગો છે કે, જેઓની **જઝા-હદીયો તેમના રબ તરફથી મગફેરત અને જન્નતનો છે.** તેના નીચેથી નહેરો વહે છે અને મગફેરત ચાહનાર લોગો તે જન્નતોમાં હમેશા રહેશે. આ તરહ કેટલો બહેતર અજર-સવાબ અમલ કરનારાઓ વાસ્તે ખુદાતઆલાએ તય કીધો છે."

શહરૂલ્લાહિલ હરામ યાઅની રમઝાનુલ મોઅઝ્ઝમ, જે હિજરી-ફાતેમી-મિસરી સાલનો ૯ મો મહીનો છે, તેના પર હમેં ગૌર કરીએ તો તેના ત્રણ દસકાથી હમને આ સમઝ મિલે છે. પહેલો દસકો રહેમતે ખુદાવંદીથી મખ્સૂસ છે. બીજો દસકો બંદાના ગુનાહોની મુઆફી વાસ્તે છે અને તીસરો દસકો જન્નતની નેઅમતો વાસ્તે મશહૂર છે કે, જેનો ઈખ્તિતામ ઈદુલ ફિતરથી થાય છે. હમારા નઝદીક તીસ અય્યામના આ શહરૂલ્લાહ એવી એવી ખુશખબરી લઇને આવે છે કે, જે હમ ગુનાહગારો વાસ્તે **રિઝકે કરીમનો ખઝાનો બની જાય છે.** આ રોઝી વાસ્તે હમારા હઝારો સજદા પણ કાફી નથી, હમેં ચાહીને પણ તેનો હક્ક અદા ના કરી શકીએ.

હમેં ખુદાતઆલાના રિઝકે કરીમની ઝિક્ર કરીએ તો આ તમામ ચીઝો તેમાં શામિલ થઇ જાય છે. પૂરા દિન રોઝૂં ધરવું, રોઝાની સહેરી, રોઝાની ઈફતારી, અડધી રાતની નમાઝો અને તહજ્જુદ, મુનાજાતો, હર તરહના હુકૂકની અદાયેગી કે, જેમાં દાઅવતે હક્કના હુકૂક તમામ કરતા અફઝલ અને અવ્વલ છે, દાઇયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની દોઆ, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના મકામની નઝર, હાજિતમંદો તરફ ખૈરાત, નાફેલતના વશ્શેક, લયલતુલ કદરની ઈબાદતો, શહરૂલ્લાહની તસ્બીહ અને વસીલા, ઈદની ઈન્તેઝારી અને તૈયારી, નફસાની જેહાદ, હર વક્ત વુઝૂની હાલતમાં રહેવું, (બકીયહ પેજ નં. ૯ પર)

**કબ્રસ્તાન માંથી ગુઝર કરવો દિમાગને રોશન કરે છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.)

- કિસ્ત : ૩૩

### અપની ઝબાન

આજે લોગોનો એ હાલ છે કે, જે વક્ત કેયામતના દિનની હૌલનાક અને વહેશતનાક ઝિક્રને સાંભલેચ તો ધ્રુજવા લાગેચ. ડર અને ખૌફથી પરૈશાનહાલ થઈ જાઈચ. તે દિન કિવો હસે એ સું થાસે તેની ફિકરમાં પડી જાઈચ. પણ અપને મુમેનીનને સેનો ડર? જે ઈમાનના ઝૈવરસી ઝીનતદાર હોય તેને કિવો ડર? ના, આ ડર અપના વાસ્તે નથી, પન તે લોગો વાસ્તે છે કે, જેને ખબર જ નથી કે આખેરત સું છે? હિસાબ-કિતાબ સું છે? જઝા-સઝા સું છે? મહેશર સું છે? અલ્લાહતઆલા પોતાની કિતાબ કુરઆને કરીમમાં ૭૦ વાર યૌમે કેયામતની ઝિકિર લાવે છે. જેમાં મરકઝી વાત એ છે કે, જે મુમિન હોય તેને યૌમે કેયામત પર ઈમાન લાવવું જ પડે, નહીં તો તેના તમામ આઅમાલ બેમાઅના થઈ જાય.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સી ઝિયાદહમાં ઝિયાદહ કુરબત જે સાહેબની હતી તે મૌ. અલીએ આઅલા બાદ મૌ. સલમાનુલ ફારસીની હતી. આપ હર વક્ત નબી સાહેબ પાસે નસીહતની અરઝ કરતા અને **તેના બદલામાં આપ નબી સાહેબસી ઈલ્મો હિકમતના ગૌહર-જૌહર હાસિલ કરતા.** કેયામતની નિશાનીઓનું ઈલ્મ પન આપે આ જ તરહ હાસિલ કીધું. ઈલ્મ ભી કિવું કે, હર ઝમાન વાસ્તે મુનાસિબ હોય. નબી સાહેબે ફરમાવું કે, **"અય સલમાન! તમેં યાદ રાખો કે, જે વક્ત કેયામત કરીબ થાસે તો, ઔલાદ તેના માઁ-બાપની દૌલત પર હરામખોરી કરસે અને બેવફાઈ કરસે. વેપાર-તિજારતમાં મરદોને સાથે બૈરાઓ પન સર-બ-સરી કરસે, હરિફાઈ અને મુકાબેલા પર ઉતરસે, ગૈર-મહેરમ સી લૈનદૈન અને રાબેતામાં પડસે."**

નબી સાહેબે આ નિશાનીઓ મૌ. સલમાનને સદીઓ પહેલા બતાવી હતી, જે આજના માહૌલમાં બિલકુલ સાચી ઠહેરેચ. એવી ઔલાદ પન આજે છે જે ગૈરઝિમ્મેદાર, નાદાન અને બદહવાસ છે. માઁ-બાપની દૌલત હાથ લાગી ગઈ, દુકાન-કારખાનું હાથમાં લઈ લીદું, ખુદ ફેસલા કરતા થઈ ગયા, થોડી કામિયાબી મિલી ગઈ, કોઈએ તાઅરીફ કરી દીદી તો પછી પૂછવું જ સું! ઝમીન પર કદમ ન રહ્યા અને હવાની રફતારે ઉડવા લાગા. બાવાજીને એક ગોશામાં બેસારી દીદા. જિમ કોઈ વપરાએલા ટૂટા-ફૂટા સામાનને સ્ટોરરૂમમાં મૂકી દેવાય છે, તિમ. બાવાજી જૂના થયા, તિમ એમના વિચારો, એમની સલાહ-સૂચન, એમના વેપાર કરવાના તરીકા, એમનું બોલવું બધું જ જૂનું થઈ ગયુંચ.

નવા તો અમે છે. એમ પિલો દિકરો બદઝહેની રાખે છે, બદ-ખયાલી પર સવાર છે. એને એ ખબર નથી કે, જિવારે એ દૂધ પીતો બચ્ચો હતો તો આ જ કારોબાર જેના પર એ ફખર ખાઈચ, તેનું એન્જીન-ડબ્બા બાવાજીએ કડી મશક્કતથી બનાવેલા, પાટા પર કારોબારની ગાડી ચઢાવેલી, તેની રફતાર કિમ વધારવાની અને તેને બ્રેક કિવારે મારવાની તેની બાવાજીને ખૂબ ખબર છે. બેટા નવા-નવા આવા અને ચાલતી ગાડીએ ચઢી ગયા. કઈ જગા રૂકવું, બ્રેક મારવી, રફતાર વધારવી, ટર્ન લેવો કે ઈમરજન્સી આવે તો સું કરવું? તેની એને બિલકુલ ખબર નથી. **તકબ્બુરીમાં, દૌલતના નશામાં, બીજાને પારવામાં, ખરાબ સોહબતમાં, જલ્દી પૈસા કમાવવાના જુનૂનમાં બિઝનેસનું એવું ભયાનક એક્સીડન્ટ કરી દીદું,** કરઝ-લોનના ખાડામાં પડી ગયા, પાટા પરથી ગાડી ઉતરી ગઈ કે, તેને ખબર જ ન પડી કે આ સું થયું? જિવારે બધું જ તબાહ થઈ ગયું તો પછી બાવાજી યાદ આવા. પન તિવાર તક તો ખૂબ જ વાર થઈ ગયેલી. બાવાજી હતા તો કોઈ એની વાત સાંભલનાર ન હતું અને જિવારે એ નથી તો એની વાતો રહી-રહીને કાનના પડદા પર ટકરાઈચ.

બીજું એ કે, બૈરો, શરમ-હયા, પડદો-રિદાની તમામ હદો તોડીને ગૈર લોગો સાથે મુલાકાતો કરસે, ઉઠસે-

(બકીયહ પેજ નં. ૫ પર)

**કોઈની ફાતેહા-ખ્વાની કરાવવી ઝહેનને ગૈબી તાકત આપે છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

### نیت انے عمل

مولانا علي ع م فرماوے چھے کہ، جہ دن - یوم قیامت عرش نا سایہ سوائی بیجو کوئی سایو نہیں ہوئی، تہ وقت اہنا سایۂ رحمت ماں تہ شخص پناہ لےسے کہ جہ رات ماں پوتانا گھر سی نکلے انے پورے پوری کامل طہارت-پاک تھیا بعد اللہ تعالی نا گھر یعنی مسجد طرف فریضت نی نماز ادا کروا واسطے ارادہ کرے انے راستہ ماں کوئی حادثہ نا سبب گزری جائی-انتقال کری جائی-

آ سلسلہ ما باطن نی ذکر یہ چھے کہ کوئی گمراہ شخص ہدایت یافتہ تھائی انے پوتانی من گھڑت وا تو یا اسد-باطل عقیدہ نے چھوڑی نے اہل البیت نا مذہب طرف ولی جائی، غلط دائرہ ما سی نکلی جائی، آ وات ساتھے کہ یہ خالص توبہ کرے، امام حق نی دعوت ما داخل تھاوانو اعتقاد راکھے، نیت راکھے، یہ شخص اللہ تعالی نی رحمت نا سایہ ما آوی گیو۔

آ حال ما کہ، یہ دعوت حق ما داخل تھائی تہ پھلا کوئی سبب سی اہنے موت اوی جائی- تو یہ شخص حق نا عقیدہ پر وفات پامو ایم گناسے- دعوت حق نا لوگو نا زمرہ ما اہنو شمار تھاسے انے امام حق ساتھے اہنو حشر تھاسے- بھلے نے یہ دعوت حق ما پھنچی نہ سکو، مگر اہنی نیت صادقہ ہتی کہ، یہ پھنچے انے حق نا صاحب نے قبول کرے- آ حالت ما اللہ تعالی اہنی نیت نا اجر و ثواب نے ضائع نہیں کرے-

رسول اللہ باواجی فرماوے چھے کہ، مؤمن نی نیت اہنا عمل کرتا زیادہ افضل انے فائدہ مند چھے- کیم کہ کوئی مؤمن نیت خیر کرے انے عمل کروا تک کوئی آڑ آوی جائی، تو اہنا واسطے خیر لکھائی جائی- اگر خیر نو عمل تھئی جائی مگر تہ واسطے کوئی خیر نی نیت اہیہ کیدی نہ ہوئی، تو اہنا واسطے خیر لکھائی نہیں-

### નિય્યત અને અમલ

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "જે દિન યૌમે કેયામત, અર્શના સાયા સિવાય બીજો કોઇ સાયો નહીં હોય, તે વક્ત તેના સાયએ રહેમતમાં તે શખ્સ પનાહ લેસે કે, જે રાતમાં પોતાના ઘર સી નિકલે અને પૂરેપૂરી કામિલ તહારત-પાક થયા બાદ અલ્લાહતઆલાના ઘર યાઅની મસ્જિદ તરફ ફરીઝતની નમાઝ અદા કરવા વાસ્તે ઈરાદો કરે અને રસ્તામાં જ કોઇ હાદસાના સબબ ગુઝરી જાય, ઈન્તેકાલ કરી જાય."

આ સિલસિલામાં બાતિનની ઝિક્ર એ છે કે, કોઇ ગુમ્રાહ શખ્સ હિદાયત-યાફતા થાય અને પોતાની મનઘડિત વાતો યા ફાસિદ-બાતિલ અકીદાઓને છોડીને અહલુલ બૈત (અ.સ.) ના મઝહબ તરફ વિલી જાય, ગલત દાએરામાંસી નિકલી જાય, આ વાત સાથે કે, એ ખાલિસ તૌબા કરે, ઈમામે હક્કની દાઅવતમાં દાખિલ થાવાનો એતેકાદ રાખે, નિય્યત રાખે, એ શખ્સ અલ્લાહતઆલાની રહેમતના સાયામાં આવી ગયો.

આ હાલમાં કે, એ દાઅવતે હક્કમાં દાખિલ થાય તે પહેલા જ કોઇ સબબ સી એને મૌત આવી જાય. તો એ શખ્સ હક્કના અકીદા પર વફાત પામો એમ ગિનાસે. દાઅવતે હક્કના લોગોના ઝુમ્રામાં એનો શુમાર થાસે અને ઈમામે (બકીયહ પેજ નં. ૫ પર)

**મુમિનની કબર પર માથું મુકવું વિચારો વાસ્તે નૂરની નવી ગલીઓ ખોલે છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૧

આ ઈલ્મી બહેસ-મુબાહેસો કે, જે તારીખે અઈમ્મતે ફાતેમીયીન તૈયેબીનથી તઅલ્લુક રાખે છે અને જે હમારા દીને હક્કની અસલીયતની બુનિયાદ છે, તે કિતાબની શિકલમાં દાઅવતે શરીફહના ખઝાનહમાં હાઝિર છે. આ કિતાબને તરતીબ આપનાર અને અરબી માંથી તરજુમો કરનાર આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ હિ. ૧૪૨૩/ઈ. ૨૦૦૨ માં તદબીરે ખાસ કરીને દોઆતે કિરામ (રિ.અ.) ની મુખ્તલિફ કિતાબો માંથી તારીખે ઈસ્માઈલીના બયાનાત લઈને અહલે ઈમાનને દરમિયાન આ ઈલ્મી કારનામું અંજામ આપેલું છે. હમારી ઈસ્માઈલી-તૈયેબી જમાઅતની તારીખ પર બેબુનિયાદ બોહતાન-ઈલ્ઝામ લગાવનારાઓ વાસ્તે આ એક મૂઁહતોડ અને સનસનીખેઝ જવાબ છે. ૫ માં ઈમામ મૌ.જાઅફર અસ-સાદિક (અ.સ.) ના ફરઝંદે અરજુમંદ મૌ.ઈમામ ઈસ્માઈલ અને આપની આલે અત્હરમાં ઈમામતના સિલસિલાની હક્કાનીયતની તશરીહ-બયાની હમારી બેશુમાર કિતાબોમાં આવેલી છે. એક-એક કિતાબની ઝિક્ર કરવી યહાઁ મુમ્કિન નથી. લેહાઝા, હત્તલ ઈમ્કાન તેમાંથી અહમ અને ઝરૂરી બયાનાત યહાઁ નકલ કરવામાં આવા છે, જેને હમેં કિસ્તન કિસ્તન કારેઈન વાસ્તે પૈશે નઝર અને બાઈસે મુતાલેઅહ કરીશું.

✷ **પહેલું બયાન :**

હુજ્જતુલ ઈરાકૈન, ૧૬ માં ઈમામ મૌ. અલ-હાકિમ (અ.સ.) ના ઝમાનના દાઈયુલ બલાગ સૈ. અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની સાહેબ (આ.કુ.) એ ઈમામત વાજિબ થાવા પર એક પૂરી કિતાબ "અલ-મસાબીહ ફી ઈસ્બાતિલ ઈમામહ" તસ્નીફ ફરમાવી છે. આ કિતાબે જલીમાં બીજા મકાલા-આર્ટીકલમાં છઠ્ઠા ઈમામ મૌ. ઈસ્માઈલ બિન મૌ. ઈમામ અસ-સાદિક (અ.સ.) પર નસ્સના સુબૂત અને સચ્ચાઈ વાસ્તે એક બુરહાનમાં સાત દલીલોથી સૈયેદનાએ વઝાહત કરેલી છે.

✷ **પહેલી દલીલ :**

જે વક્ત કે આ ચીઝ કિતાબ દઆઈમુલ ઈસ્લામ ની એક ફસલ-ચેપ્ટરમાં છે કે, ઈમામાત, નસ્સ, તૌકીફ અને ઈલ્હામ હમારા મઝહબની નઝરમાં શું છે, તે કઈ તરહ સાબિત-સહી છે, તેની દલીલ ખુલ્લી-વાઝેહ કઈ તરહ છે. આ સિલસિલામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના કાકાજીના દીકરા મૌ.અલી સાહેબે ઝુલફિકાર પર નસ્સે જલી થયાનો ઈશારો પણ આપેલો છે. તે એ છે કે, મૌ.અલી સિવાય નબી સાહેબે ૧૮ મી ઝુલ હિજ્જહ, હિ.૧૦ માં કોઈને આપના કાઈમ-મકામ બનાવા નથી તેમજ વસાયત-ખિલાફતમાં રૂત્બએ મુબારકથી ખાસ કીધા નથી.

તે બાદ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી હક્કની નસ્લ ઈમામતની સૂરતમાં આપના મોટા ફરઝંદ બા-કરામત મૌ.ઈમામ હસન અલ-મુજતબા પર આવી. મગર આપની ઔલાદ-આલમાં ઈમામતનો સિલસિલો આગલ ના વધો, કેમકે, આપના બાદ માઅસૂમીયત અને પાકીઝગીમાં, જે વાસ્તેની આયતો કુરઆને કરીમમાં મૌજૂદ છે, એ આપના બિરાદરે બાવફા મૌ.ઈમામ હુસૈન સૈયેદુશ્શોહદા (અ.સ.) હતા, જે આપના હમ-શાન હતા. લેહાઝા, **મૌ.ઇમામ હસનની ઔલાદ કરતા ઇમામતને વાસ્તે ઝિયાદહ હક્ક મૌ.ઇમામ હુસૈનને પહોંચતો હતો.** આપ મૌલાની ઔલાદે પાક, રહેમ-રિશ્તેદારીની કુરબત-નઝદીકીથી મૌ.ઈમામ હસનની ઔલાદ કરતા વધારે મુસ્તહિક્ક હતી. અલ્લાહતઆલાનો કૌલ કે, "રિશ્તેદારો એકબીજાથી ઊલા છે, બહેતર છે, ઝિયાદહ હક્કદાર છે, અલ્લાહની કિતાબમાં, ઝરૂર ! અલ્લાહ હર ચીઝને જાણે છે."

(બકીયહ પેજ નં. ૭ પર)

**બૈરો સાથે ઈખ્લાસો મોહબ્બત ઝહેનના ઝહેરને દૂર કરે છે.**

(પેજ નં. ૨ નું બાકી)

બેસસે, ઓફિસોમાં ગૈર તરીકાથી-ગૈર વક્ત પર મિલસે, પાર્ટીઓમાં જાસે, જોબ-બિઝનેસના નામે પૈસા કમાવવાની લાલચમાં, ગૈરજાઈઝ શૌક પૂરા કરવા, દેખાવબાઝી અને રિયાકારીમાં, દેખાદેખી અને હિરસા-હિરસીમાં પોતાના ઘરની ઝિમ્મેદારી છોડીને, બૈરો પનાની અદબ-તહેઝીબ છોડીને બાઝારોમાં રખડતી થાસે. તો, અય કારેઈન, જિમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), મૌ. સલમાન (રિ.અ.) ને કહે છે, તિમ કેયામતની નિશાનીઓ માંથી આ ખરાબમાં ખરાબ નિશાની છે.

કુરઆને કરીમમાં બયાન છે કે, અગર બૈરોમાં કોઈ ચીઝની હુશિયારી હોય, હુનર હોય, ફનકારી હોય તો એને તે ઉભારવી જોઈએ. તે હુશિયારીને કામમાં લેવી જોઈએ. તેના સબબ શાયદ તે બૈરોને અલ્લાહતઆલા રોઝી-રિઝક ફરાહમ કરે. **હઁા! જે હુનર-ફન બૈરોમાં હોય તો તેને કસ્બે હલાલના ઝરીએ તેમાં એનો નસીબો બનાવવો જોઈએ.** અલ્લાહતઆલા ખુદ તે ચાહેચ કે, બૈરો વાસ્તે પન રોઝીમાં નસીબો હોય જે કઈ તે મહેનત-મશક્કત કરે. પન આ તમામ ઈજાઝત તે નૈક-કિરદાર અને નૈક-અખ્લાક બૈરો વાસ્તે છે, જે પોતાના ઘરવાલા અને શોહરની રઝાથી જોબ, બિઝનેસ યા ટ્રેડીંગ કરે. બૈરો એ ઝરૂર સોચે કે, તેની ગૈર-હાઝરીમાં ઘરમાં કોઈ ખરાબી ના પેસે. ઔલાદની આદતોનો બારીકીથી ખયાલ રાખે.

બૈરો જો બિઝનેસ કરે અને પૂરો વક્ત તેમાં જ સર્ફ કરી દે, પોતાના કેરિયરને તમામ કરતા ઉપર રાખે, તો તે વિચાર કરે કે શું તેના શોહર સાથે યા ઘરના બુઝુર્ગ સાથે યા તેના સાસુ સાથે કોઈ નાઈન્સાફી તો નથી થઈ રહી! પૈસા કમાવવામાં તે પોતાનું ઘર તો નથી ગુમાવી રહી! બચ્ચાઓને વક્ત ના અપાતા શું તેઓ કોઈ ગલત રાહ કે ગલત સોહબતમાં તો નથી આવી ગયા! પોતાની શાદી કરવાની ઉંમર તો હાથથી નથી નિકલી જાતી! શાદી થઈ તો ઔલાદ પૈદા કરવાની તાખીરમાં કઈ બીજી ખરાબી તો નથી થઈ રહી! જમાઅત અને સમાજ સાથેનો તઅલ્લુક તો નથી બિગડી રહ્યા! સેહતમાં લાચારી તો નથી આવી ગઈ વગૈરહ. હર વક્ત હર શખ્સને યાદ રાખવું જોઈએ કે, **ઘરનું ઝાહિર મરદ છે અને બાતિન બૈરો છે.** ✯

---

(પેજ નં. ૩ નું બાકી)

હક્ક સાથે એનો હશર થાસે. ભલે ને, એ દાઅવતે હક્કમાં પહોંચી ના સકો, મગર એની નિય્યતે સાદેકહ હતી કે, એ પહોંચે અને હક્કના સાહેબને કુબૂલ કરે. આ હાલતમાં અલ્લાહતઆલા એની નિય્યતના અજરો સવાબને ઝાયેઅ નહીં કરે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મુમિનની નિય્યત એના અમલ કરતા ઝિયાદહ અફઝલ અને ફાયદામંદ છે. કેમકે, કોઇ મુમિન નિય્યતે ખૈર કરે અને અમલ કરવા તક કોઇ આડ આવી જાય, તો એના વાસ્તે ખૈર લિખાય જાય. અગર ખૈરનો અમલ થઇ જાય મગર તે વાસ્તે કોઇ ખૈરની નિય્યત એં કીધી જ ના હોય, તો એના વાસ્તે ખૈર લિખાય નહી.

**મુશ્કિલ અલ્ફાઝ :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રહેમત | : કરમ, નવાઝિશ, મહેરબાની | બાતિન | : અંદરૂની, તાવીલ | ઝુમ્રા | : ગિરોહ, સોહબત |
| પનાહ | : દામન, આગૌશ | ફાસિદ | : ફસાદવાલા | શુમાર | : ગિન્તી |
| કામિલ | : કોઇ ખામી બગૈર | બાતિલ | : જૂઠા, બનાવટી | સાદેકહ | : સાચી |
| તહારત | : પાકીઝગી | દાએરા | : સર્કલ, બંદિશ | ઝાયેઅ | : બેકાર, બેમાઅના |
| હાદસા | : જાનલેવા વાકેઓ | ખાલિસ | : ચોખ્ખી, સાફ | ખૈર | : અચ્છાઈ, બહેતર, નૈકી. |
| | | એતેકાદ | : યકીન, ભરોસો | ✯ | |

**ઝરૂરત બગૈર કોઈની વાતમાં પડવું, ઝહેનને થકવી દે છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૧

જે વક્ત મૌત માથા પર હોય અને તેનું હાઝિર થાવાનું તય હોય તો આ સાઆત-ઘડીઓને એહતેઝારનો વક્ત કહેવાય છે. બીમારના સર પરથી પસીનો નમૂદાર થાય છે, એની ઝબાન બંધ થઇ જાય છે અને હાથ-પગ ઠંડા પડી જાય છે. તે વક્ત એના અહલ-ઘરવાલા પર વાજિબ છે કે, એના સરના નઝદીક કુરઆને કરીમની આયતો અને દોઆઓની તિલાવત કરે. ગયા શુમારામાં હમેં આયતોની ઝિક્રે ખૈર કરી ચુકા છે. યહાઁ પર હમેં અઈમ્મતે તાહેરીન (અ.સ.) થી એવી દોઆ નકલ કરીએ છે કે, જેને બિમારના નઝદીક પઢવી ઘણી જ મુફીદ છે.

તે દોઆ છે, " **અલ્લાહુમ્મા અખ્રિજહા મિન્હો ઇલલા રિઝન મિનકા વ રિઝવાનિન. અલ્લાહુમ્મા લક્કેહિલ બુશ્રા. અલ્લાહુમગફિર લહૂ ઝોનૂબહૂ વરહમહો.** " યાઅની કે, અય અલ્લાહતઆલા ! તું તે નફસને તેના જિસ્મ માંથી તારી રિઝા અને રિઝવાન તરફ નિકાલ. અય અલ્લાહતઆલા ! તું એ શખ્સ કે જે મૌત ના પર દરવાઝા પર ઊભેલો છે, એને તારી રઝામંદીની ખુશખબરી સંભલાવ. અય અલ્લાહતઆલા ! તું એ શખ્સના ગુનાહોને મુઆફ કર અને એના ઉપર રહેમત ફરમાવ.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ હદીદમાં ફરમાવે છે કે, "જાણી લો તમેં કે, દુનિયાની ઝિંદગી તો ફક્ત ખેલકૂદ, તમાશો, ઝૈબ, ઝીનત અને આપસમાં ફખર ખાવું છે, એકબીજા ઉપર મોટાઈ બતાવવું છે. માલ અને ઔલાદમાં વધારો-ઝિયાદતી બતાવીને ફખર ખાવો છે, ઘમંડ કરવો છે. આની મિસાલ એવી છે કે, બારિશ વરસે અને તેનાથી કિસાન પોતાની ઝમીનમાં ઉમ્દા ફસલ ઉગાવે અને તેને જોઈને ખુશ-ખુશ થઈ જાય. થોડા જ વક્તમાં તે સુકાઈ જાય, તેમાં પીલાશ આવી જાય અને તે બાદ ભુસુ બની જાય. **આખેરતમાં છે સખ્ત અઝાબ દુનિયાદારોને વાસ્તે અને અલ્લાહતઆલાની તરફથી દીનદારો વાસ્તે મગફેરત અને રિઝવાન છે.** નથી દુનિયાની ઝિંદગી મગર દગો છે, ગુરૂર છે અને ફના થાનારો સામાન છે."

દુનિયાની રવિશ એવી છે કે, તે ઈન્સાનને ગલત મશગૂલીયતમાં નાંખી દે છે. ઝિયાદહ માલો મતાઅ કમાવવા પર મજબૂર કરી દે છે. દૌલત, ઔલાદ અને ખાનદાન એને ઘમંડી અને મગરૂર બનાવી દે છે. આ ચીઝો એને લઝઝત આપે છે, શોહરત આપે છે અને ખોટા ગુમાનમાં ગિરફતાર કરી દે છે. એને એવું ગુમાન થાય છે કે, **તમામ ચીઝોનો કાબૂ એના હાથમાં છે. તમામ કરતા ખુશ કિસ્મત એ છે.** મગર દુનિયાની આ ચીઝો તો ઘણી જ હકીર છે, ગમઝદા કરી દેનારી છે, ખસ્તા-ખરાબ કરનારી છે. એને ખબર નથી કે, આ તમામ ચીઝો એક દિન ખત્મ થઈ જાશે, સુકાઈ જાશે, પાનખર જેમ બધું જ પીલું થઈ જાશે અને આખિરકાર તે ફનાની ચાદર ઓઢી લેશે. દુનિયાની આ હાલત બાદ એ શખ્સ વાસ્તે આખેરતમાં શદીદ અઝાબ હશે.

હકીકી મુમિન કોઈ વક્ત દુનિયાદાર હોતો નથી. એની ખ્વાહિશ યા પસંદગી મુજબ એને મિલે યા ના મિલે, એ હમેશા કનાઅત, કિફાયત અને શુક્રગુઝારીથી કામ લે છે. જઝાઅ-ફઝાઅ અને શિકાયત કરતો નથી. કોઈ ચીઝ મિલી પણ જાય તો ફખરથી ફુલાઈ જાતો નથી, ઘમંડમાં અકડાઈ જાતો નથી. દુનિયાની ચીઝોની લાલચ કરતા એ મુમિન આખેરતની નેઅમતો વાસ્તે લાલચ અને રગબતને ઝિયાદહ પસંદ કરે છે.

તો, "અય મુમેનીન ! તમને સઘલાને આખેરતમાં અલ્લાહની મગફેરત અને રિઝવાન મિલશે. લેહાઝા, આ દુનિયાની ઝિંદગી કે જે મતાઉલ ગુરૂર છે, તેને મુકીને અલ્લાહની મગફેરત અને તે જન્નતને તરફ ચાલવાની

(બકીયહ પેજ નં. ૯ પર)

**કિતાબને હાથમાં લઈને પઢવું, દિમાગમાં તાઝગી લાવે છે.**

## લફઝી કશ-મ-કશ

✵ **ઉભી તરકીબ :**

૧) ---- બગૈરનું સર, બાદશાહની જલાલતને ખિલાફ છે કે જે મુજબ તમામ આઅમાલનું સર નમાઝ હોય અને નમાઝનો મુકુટ મુમિનની પાકીઝગી હોય. (૨)

૨) ઈન્સાનના હર એક અમલનો ----- છે, પછી તે જઝાની શિક્લમાં હોય યા સઝાની શિક્લમાં. (૩)

૩) કબરમાં મૈયેતને ઉતારીને તેને ----- માં કિબ્લા-રૂખ લિટાવવામાં આવે છે. (૩)

૭) ઈમામો અને દાઈઓ, દાઅવતે હક્કની રૂહાની ---- ના માલિક છે કે, જેના ઉપર ચઢીને મુમિન હક્કતઆલા તક પહોંચી જાય છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

✵ **આડી તરકીબ :**

૨) દુનિયાની હર ચીઝને વાસ્તે ---- છે. વક્ત મુજબ તે ચીઝ ચાહે તો તબ્દીલ થાય છે, ચાહે તો ફના થાય છે. (૩)

૪) જે શખ્સનો જેટલો જલ્દી ---- હોય છે, તેટલો જલ્દી એ નીચે આવે છે. જેએ બલંદીનો મઝા ચાખો હોય તેને પસ્તીનો મઝા પણ ચાખવો પડે છે. (૨)

૫) આ જગાની આબો ----- મને રાસ આવતી નથી. (૨)

૬) મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને આપની આલે પાકના ખિલાફ જેટલા લોગોએ દુશ્મની કીધી, તે તમામ જહન્નમ - ----- થાશે યાઅની નારે જહન્નમમાં પહોંચી જાશે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | રા | | |
| | અ | સ | દ | |
| દિ | લ | ╳ | રા | ઈ |
| | મ | ઝા | ર | |
| | | રી | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

વસીયત, વલાયત અને લિયાકતની બિના પર આ તરહ ઈમામતની નસ્સ ઔલાદે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) માં પહોંચી. ૫ માં ઈમામ મૌ.જાઅફર અસ-સાદિક (અ.સ.) તક એક બાદ બીજા યાઅની બાવાજી બાદ દીકરા નસ્સ ફરમાવતા ગયા. આ જ સુન્નત અને તરીકતે શરીઅત મુજબ મૌ.ઈમામ અસ-સાદિકે આપના મોટા ફરઝંદે બાકમાલ **મૌ.ઇસ્માઇલ પર નસ્સે જલી ફરમાવી.** શીઆ અવામ આ બાબતમાં મુખ્તલિફ રાય અને જુદાગાના ખયાલ રાખે છે. જે વાસ્તે એ લોગો એમ કહે છે કે, મૌ.ઈસ્માઈલની વફાત આપના બાવાજી મૌ.ઈમામ અસ-સાદિકની હયાતે પાકમાં થઈ.

**કોઈને તાઅલીમ આપવી અક્લો ફહેમને તૈઝ કરે છે.**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ કિસ્ત - ૭

યમનના તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ સાહેબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયહ" માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીના ગિરોહ સાથે સવાલ-જવાબની ઝિક્ર ફરમાવે છે. ગઈ ૬ કિસ્તમાં ૯ સવાલોની બયાની થઈ ચુકી છે કે, જેમાં અબ્દુલ્લાહએ મૌ.અલી (અ.સ.) ને પૂછ્યું હતું કે, (૧) આસ્માનો અને ઝમીન કરતા કઈ ચીઝ ઝિયાદહ મોટી-અઝીમ છે ? (૨) દરીયા કરતા કઈ ચીઝ ઝિયાદહ ગની છે, ખઝાનેદાર છે ? (૩) કઈ ચીઝ પત્થર કરતા ઝિયાદહ સખ્ત છે ? (૪) આગ કરતા કઈ ચીઝ ઝિયાદહ ગરમ છે ? (૫) કઈ ચીઝ હવા કરતા તૈઝ રફતારથી ચાલે છે ? (૬) કઈ એવી ચીઝ છે જે ફક્ત બંદા વાસ્તે છે અને અલ્લાહતઆલા વાસ્તે નથી ? (૭) કઈ ચીઝ ફક્ત અલ્લાહતઆલા વાસ્તે છે અને બંદા વાસ્તે નથી ? (૮) કઈ એવી ચીઝ છે જે બંદો જોઈ છે મગર અલ્લાહતઆલા જોતા નથી ? (૯) કઈ એવી ચીઝ છે કે જેને અલ્લાહતઆલા જોઈ છે મગર તેનો બંદો જોઈ શકતો નથી ? આપે આ સવાલોના જવાબમાં ઈલ્મના ગૌહર-જૌહર નશર કીધા.

આ સાતમી કિસ્તમાં દસમો સવાલ પૈશ કરવામાં આવે છે. અબ્દુલ્લાહ એ મૌ.અલી (અ.સ.) ને દરયાફત કીધું કે, અય અલી ! આપ મને બતાવો કે, તે કઈ ચીઝ છે કે જે અલ્લાહતઆલાએ પૈદા કીધી છે અને તે વાસ્તે અલ્લાહતઆલા જ પોતાના નબીને સવાલ કરે છે ? આપ મૌલાએ ફરમાવું કે, "તે પૈદા શુદા ચીઝ અસા-લાકડી છે કે, જેનો પૈદા કરનાર અલ્લાહ જ છે મગર તે વાસ્તે પોતાના નબી મૌ.મૂસા કલીમુલ્લાહને સવાલ કરવામાં આવે છે. અલ્લાહ મૌ.મૂસાને સવાલ કરે છે કે, અય મૂસા ! બતાવો કે તમાર જમણા હાથમાં જે ચીઝ છે, તે શું છે ? મૌ.મૂસાએ અરઝ કીધી કે, **તે મારી અસા છે.** તેનાથી ટેકો દઈને હું ઊભો રહું છું અને તેનાથી હું મારા બકરા-બકરીઓને હાંકું છું અને આ સિવાય ઘણી બધી ચીઝોનો હું તેના ઝરીએ ફાયદો લઉં છું."

ઝાહિરી તૌર પર અસાએ મૂસા એક લાકડી છે કે, જેનો ઈસ્તેમાલ મૌ.મૂસા મુખ્તલિફ ચીઝો વાસ્તે કરતા હતા. આપના પાસે ઘણા ચોપાયા હતા. તેને ચરાવવા નિકતા હતા અને તે લાકડીથી હાંકતા હતા. બરાબર એક સાથે ચાલે તેનો ખયાલ રાખતા હતા. ચોપાયા વાસ્તે ઊંચા દરખ્તો પરથી લાકડી મારી લીલાછમ પાંદડાઓ નીચે પાડતા હતા. આપને ઝિયાદહ ધુપ લાગે તો લાકડીથી આપ છતરી બનાવીને સાયો કરી લેતા હતા. વહેશી-ફાડી ખાનાર જાનવરોથી આપ ખુદની અને ચોપાયાની હિફાઝત કરતા હતા. આપ અસા થી ખૈમાને નસબ કરતા હતા અને તેમાં આરામ કરી લેતા હતા. આ તરહ આપ **અસાથી ઘણા જ મઆરિબ-કામો કરી લેતા હતા.**

મગર બાતિનમાં અસાએ મૂસાની સમઝ ઘણી જ આઅલા છે, ગહેરી છે, મુફીદ છે અને રોશન છે. અસા તે મૌ.મૂસા કલીમુલ્લાહ વાસ્તે તાઈદે રબ્બાની હતી. અલ્લાહતઆલા તરફથી નુબૂવતની દલીલ હતી અને આપની શખ્સીયતની માઅરેફત હતી. આપ આ તાઈદ અને બખ્શિશે ખુદાવંદીના સબબ આપની ઉમ્મતને હિદાયત દેતા હતા, ઈલ્મો અમલની વાદીઓમાં લઈ જઈને આપના મુમેનીને ચરાવતા હતા અને એવી ગિઝા-જમન દેતા હતા કે, તેઓની નફસો-જાનો તાકતવર થઈને તરક્કીની મંઝિલો પર ચઢતી જાતી હતી. આના સાથે આપ આપના માનનારાઓને વહેશી જાનવરો યાઅની કે, કાફેરીન-મુનાફિકીન યા દુશ્મનાને દીને હક્ક ના જાનલેવા હમ્લાઓથી પણ બચાવતા હતા. આ અસાએ તાઈદથી આપ હર વક્ત ઉમ્મતના લોગોને હમેશા રાહે હક્કથી ગુમ થઈ જાવાથી બચાવતા હતા.

હુક્મે ઈલાહી થયો કે, **"અય મૂસા ! તમારા હાથમાં જે લાકડી છે તે મારી તાઇદ છે, તમને મદદ કરનારી છે, તો તમેં તમારા ભાઇ મૌ. હારૂન ને તે મારી તાઇદ સાથે જોડી દો."** યાઅની કે, મૌ.મૂસા એકલા અલ્લાહના

(બકીયહ પેજ નં. ૯ પર)

**અલ્લાહતઆલાની તસ્બીહ કરવી, તે ઝહેનની તાકત છે.**

(પેજ નં. ૮ નું બાકી)

દીનની ઝિમ્મેદારી નહીં ઉઠાવી શકે. લેહાઝા, આપ મૌ.હારૂનને વસી બનાવે, આપના વારિસ બનાવે, કાઇમ મકામ બનાવે તો જ શરીઅતનું ઉમ્મતમાં પૈવસ્ત થાવું બરાબર કહેવાશે. જો આમ ના થાય તો શરીઅતની તબ્લીગ નાકિસ રહી જાશે.

લેહાઝા, આપે મૌ.હારૂનને વસી બનાવવાનો, આપના અસાસ બનાવવાનો, આપની બાતિની અસા બનાવવાનો અમલ કીધો. આના સબબ આપની શરીઅતને એક નવી કૂવત મિલી, આપના એહકામને મઝબૂતી મિલી. **મૌ. હારૂનનો સાથ મિલવાના સબબ આપની કોશિશ પરવાન ચઢી.** આપનો દુશ્મન ફિરઔન લઇન અને એના કાફિર સાથીઓના ઇરાદાઓ ફીકા પડી ગયા. તખ્તો તાજની રોનક ઝાંકી પડી ગઇ. જાદૂગરોનું જાદૂ ખત્મ થઇ ગયું. ખુદાઇનો દાઅવો ચકનાચૂર થઇ ગયો. ફિરઔનની તકબ્બુરી ખાકમાં મિલી ગઇ.

જે વક્ત ફિરઔન લઇન આ તાઇદે રબ્બાનીના જૌહર અને તેની કરિશ્માઇ બરદાશ્ત ના કરી શકો તો, એં તુગયાની પર આવી ગયો, લશ્કરકશી કરીને મૌ.મૂસાના ઇઝા દેવાની કોશિશ કીધી. મગર એની જ તુગયાનીના દરિયામાં એ અને એનું લશ્કર ગરક થઇ ગયું, હલાક થઇ ગયું. ✯

---

(પેજ નં. ૧ નું બાકી)

ફરઝોની નમાઝ મસ્જિદમાં અદા કરવી, મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની ઝિક્ર અને આપની શહાદતની માઅરેફત, કુરઆને કરીમની તિલાવત વગૈરહ.

આ તમામ આઅમાલ હમને એ પૈગામ આપે છે કે, હમને મુસિર મુસ્તકબિરની સીરતને છોડીને નાદિમ મુસ્તગફિર બનવું પડશે. મુસિર યાઅની જે શખ્સ પોતાની બદ ચીઝ પર અડી જાય અને ઝિદ્દી બની જાય. મુસ્તકબિર યાઅની તકબ્બુરીથી ભરેલો હોય. આ બેવે ચીઝ શયતાની સીરત મુજબ છે. તેને છોડીને હમને નાદિમ બનવું પડશે. નાદિમ યાઅની એ શખ્સ જે પોતાના ગુનાહો પર શરમિંદા થાય અને તેને મુઆફ કરાવવા વાસ્તે પોતાના ખાલિક નઝદીક મગફરેત ચાહે. **આ સીરત એક મુખ્લિસ મુમિનની હોય છે,** જેને હમને અપનાવવાની છે. તો જ હમેં શહરૂલ્લાહના રિઝકે કરીમથી ફાયદો ઉઠાવી શકીશું. નહીં તો, ખુદાતઆલા તરફથી આવનાર રોઝીનો શુક્ર કરવાને ખિલાફ હમેં તેનો કુફ્ર કરી બેસીશું. ✯

---

(પેજ નં. ૬ નું બાકી)

કોશિશ કરો કે, જેની વુસઅત-ચોડાઇ આસમાનો ઝમીનની કુશાદગી જેવી છે. આ જન્નત તમારા વાસ્તે છે અને તમારા ઉપર આ મુજબ અલ્લાહનો ફઝલ મખ્સૂસ છે અને **અલ્લાહ ચાહે એને આ ફઝલથી નવાઝે.** વલ્લાહો ઝુલ ફઝલિલ અઝીમ.

અસ્હાબે રસૂલમાંથી એક સાહેબને કોઇએ પૂછ્યું કે, "તમારા ઘરમાં તો કઇ જ નથી ? કોઇ જ સાઝો સામાન નથી ?" જવાબ દીધો કે, "અય સવાલ કરનાર ભાઇ ! આ મારૂં ઘર નથી. આ તો મુસાફિરખાનું છે. મૈં યહાઁ પર કેટલાક દિનોનો મહેમાન છું. અલ્લાહના કરમથી અને મારી મહેનતથી મને જે કઇ પણ મિલે છે તેને મારા અસ્લી ઘરના તરફ મોકલી આપું છું. અલ્લાહ જે મારો માલિક છે, રાઝિક છે, તેની રાહમાં ખૈરાત કરી દઉં છું. મારો માલિક પોતાના ખઝાનામાં મારી નૈકીઓને સાચવીને રાખે છે. એના સબબ યહાઁ મને કોઇ ચોરીનો ડર નથી, કોઇ તેને છીનવી શકતું નથી." આ બયાન સાંભલીને સાઇલ ઝારો કતાર રોવા લાગો અને પોતાની ગફલત અને દુનિયાના માલો મતાઅ પર નાદિમ અને શરમિંદા થયો. ✯

**આઁખોના નૂર કરતા દિલોનું નૂર ઝિયાદહ તૈઝ હોય છે.**

## ઈમામતની હકીકતો

૧૯ માં દાઈએ મુત્લક અલ-યમાની સૈ.ઈદરીસ ઈમાદુદ્દીન (આ.કુ.) આપના બલંદ-પાયા કિતાબ ઊયૂનુલ અખ્બારની ચોથી જિલ્દમાં ફરમાવે છે કે, હમારા ૮ માં ઈમામ મૌ.અબ્દુલ્લાહિલ મસ્તૂર અર-રઝી (અ.સ.) એ અવામથી આપનું અને આપના ફરઝંદે અરજુમંદનું નામ બિલકુલ મખ્ફી રાખું હતું. યાઅની આપની શનાખ્ત પોશીદહ રાખી. તેનું ઈલ્મ આપના પહેલી સફના દોઆતને જ હતું. આ દોઆતને માતહત જે બીજી સફના દોઆત પૈગામે દાઅવત પહોંચાડવાનું કામ કરતા હતા, તેઓને પણ ખબર ન હતી કે, હમારા મૌલા ઈમામે હક્ક કહાઁ છે ?

દોઆતે મુખ્લેસીન માંથી એક દાઈ હુરમૂઝ અને એમના ફરઝંદ મહેદી અને બીજા ચંદ દોઆતે ઈમામે હક્કને તલાશ કરવાનો મન્સૂબો બનાવો. કોઈ એક વક્ત પર, એક જગામાં હાઝિર થઈને એક બીજાને ખબર આપવાની તજવીઝ મુકી. આ દોઆત પાસે જેટલી માઅલૂમાત હતી, ઈમામે હક્કના જેટલા અખ્બાર હતા, યાઅની કે, આપ મૌલાની શિક્લો શમાઈલ, હુલ્યા મુબારકહ, શખ્સીયતે ફઝેલહ, કદ્દો કામત વગૈરહ, તે તમામ સિફ્તો જમાઅ કીધી. તે બાદ આ દોઆત મખ્ફી તૌરથી શામ, ઈરાક અને ફલસ્તીનના ગામે ગામ, શહેર-શહેર, ઈમામે હક્કની જુસ્તજૂમાં સાલો તક ભટકતા રહ્યા. **મુમેનીનના ઇલાકાઓમાં દર-બ-દર દૌરો કરતા રહ્યા.** યહાઁ તક કે, સલમીયહ (શામ, મઅર્રતુન્નોઅમાન) આવા અને ત્યાં તમામ દોઆત દોબારહ જમાઅ થયા અને આખિરકાર અલ્લાહતઆલાના કરમો ઈનાયતથી ઈમામ આલી મકામ ના દીદારે નૂરાની નસીબ થયા.

તમામ દોઆતે પોતાના પાસે મકામે ઈમામીની જે જે અમાનતો હતી તે હઝરતે ઈમામીયહ મહેદીયહમાં અદા કીધી. ઈમામે હક્કથી અમરે ઈમામત અને કારે દાઅવતની ઝિમ્મેદારીઓ કાઈમ કરવા વાસ્તે હિદાયતો હાસિલ કીધી. ફરમાને ઈમામી લઈને દોઆત પોત પોતાની જગા પર પહોંચી ગયા. ઈમામ આલી મકામ મૌ.અબ્દુલ્લાહિલ મસ્તૂર સલમીયહમાં જ મુકીમ રહ્યા. આપના ખાસુલ ખાસ દોઆત હર વક્ત અપના રાબેતામાં રહ્યા અને મુમેનીનને દીને હક્કથી મુશર્રફ કરતા રહ્યા. જે વક્ત આપનો આખિરી વક્ત આવો તો આપે ખાસ હુદૂદને દરમિયાન આપના ફરઝંદે અરજુંમદ, વલદે કામિલ મૌ.અહમદને મન્સબે ઈમામત પર કાઈમ કરી, નસ્સ ફરમાવી, ૯ માં ઈમામે ફાતેમી મુકર્રર કીધા. આ અખ્બારથી આપે તમામ દોઆતને ખબરદાર કીધા. આપના અહલ અને હુદૂદે તે જ જગા પર આપના ઈન્તેકાલ બાદ આપને સિપુર્દે ખાક કીધા. આપની મૌજૂદગી અને ઈમામતના આસાર આજે એક બેમિસાલ મસ્જિદની સૂરતમાં ઝિંદા છે. આજે પણ સલમીયહ હમારા ફાતેમી અઈમ્મતે તાહેરીનની હક્કાનીયતની શાહેદી આપે છે. આપ મૌલાનો લકબ અર-રઝી છે અને કુનીયત અબૂ અલી છે. આપની કબરે મુબારક પર સંગે મરમરની જમાલદાર છત્રી મૌજૂદ છે. મુમેનીન અલવીયીનના કાફલા સાહેબે દાઅવતની સદારતમાં હાલમાં સલમીયહ જઈને **હમારા અઇમ્મતે હક્કના મકામાતે મુકદ્દેસાતથી શરફયાબ થાય છે.** અલ્લાહતઆલાએ મુકદસ મૌલા અલ-હય્ય અત-તૈયેબ ૪૪ માં દાઈએ મુત્લક અને હુઝૂરે આલી આકા મૌલા સૈયદના ડૉ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ને અસ્બાબ મુહય્યા કરી આપા અને આપે હિ.૧૪૨૦ માં સલમીયહની ઝિયારતોની બરકાત હાસિલ કીધેલી છે.

૮ માં દાઈએ યમાની સૈ.હુસૈન બિન સૈ.અલી અલ-વલીદ (આ.કુ.) આપની નાયાબ કિતાબ અર-રિસાલતુલ વહીદહમાં બયાન ફરમાવે છે કે, "ઈમામ મૌ.અહમદિલ મસ્તૂર અત-તકી (અ.સ.) મસ્નદે ઈમામત પર ફાઈઝ થયા કે, ફૌરન આપે સતર-પડદો ઈખ્તિયાર કરી લીધો. આપ મૌલા માઅમૂન અબ્બાસી બગદાદીના બદ ઈરાદાથી વાકિફ હતા અને એની દુનિયા-પરસ્તી, શીરીં ઝબાની, મક્કારી, ચાલબાઝી, અહલે બૈતની દુશ્મની અને દગાબાઝીથી પૂરી

(બકીયહ પેજ નં. ૧૧ પર)

**આઁખોનું નૂર દુનિયા તક છે અને દિલનું નૂર આખેરત તક છે.**

## કુરઆનને પઢનારા

મૌ.ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, કુરઆને કરીમને પઢનારા ત્રણ તરહના લોગો હોય છે :

(૧) એક શખ્સ એવો છે કે, જે કુરઆન પઢવાને બોઝ સમઝે, તેને પસ્ત ગિને, પોતાને તેના કરતા ઊંચો ગિને, લોગોને બતાવવા મજબૂરીથી કુરઆનને પઢે અને એમ દેખાવ કરે કે, એ બહુ કુરઆનને માનનાર છે. મગર એને કુરઆનથી કોઈ ફાયદો હાસિલ થાનાર નથી.

(૨) એક શખ્સ એવો છે કે, જે કુરઆનને શૌક અને ચાહતથી પઢે. તેની આયતોને યાદ રાખે. તે વાસ્તે મહેનત કરે. વક્તને સર્ફ કરે. મગર એને તે ચીઝનું ઈલ્મ ના હોય કે, કુરઆનને કયા કાનૂનથી સમઝી શકાય. કુરઆન પઢવાના હક્કને બરાબર જાણે પણ એ તેના હુદૂદને ના પારખી શકે. યાઅની કે, કરીને કુરઆન, નાતિકે કુરઆન જે ઝમાનાના હક્કના હાદી હોય, ઈમામે આલે મોહંમદ (સ.અ.) હોય, એનાથી એ નાવાકિફે કાર હોય. લેહાઝા, એ શખ્સને ફક્ત પઢવાનો જ સવાબ મિલે છે.

(૩) એક શખ્સ એવો છે કે, જે કુરઆન ને પઢીને તેના હક્ક મુજબ અને હદ્દ મુજબ ઝિંદગીને ગુઝારે છે. તેનાથી શિફા હાસિલ કરીને હર મરઝની દવા કરે છે. તેની પઢાઈથી રાતને ઝિંદા કરે છે. દિનમાં રોઝું કરે છે. મસ્જિદમાં જઈને ઈમામતની નમાઝમાં શરીક થાય છે. ઘણો કમ આરામ કરે છે. ઘણું કમ બોલે છે મગર અમલે ખૈર ખૂબ ઝિયાદહ અને જલ્દી કરે છે. અલ્લાહ અને તેના વલીને રાઝી કરવામાં ખૂબ તકેદારી રાખે છે. ઈમામે હક્કને ઝિંદા કુરઆન તસ્લીમ કરે છે. ઈમામની ઝબાનને કુરઆનની ઝબાન માને છે. હર વક્ત કુરઆન પર તકીયો રાખે છે. કુરઆનની માઅનાને ઈમામથી હાસિલ કરે છે. બલા અને તકલીફને ઈબરત સમઝે છે. દુશ્મનને ખુદ કરતા ઝિયાદહ હુશિયાર સમઝે છે અને જે ઐબ-ખામી દુશ્મન નિકાલે, તેને દૂર કરવા પર કમરબસ્તા થાય છે.

આ એ શખ્સ છે કે, કુરઆનને હરફથી નહીં મગર હિકમતથી સમઝે છે. કુરઆનના તરઝો તરન્નુમને નહીં મગર તેની તશ્રીહાત-તાવીલાતને પસંદ કરે છે. આ તરહના કારી પર અલ્લાહની રહેમત વરસે છે. લોગોમાં એ ઈઝ્ઝતમઆબ થાય છે. દુનિયાની આ કાલી ચાદર પર એ સિતારા જેમ ચમકે છે. હર જગા એ શખ્સ શમ્અ જેમ રોશની ફેલાવે છે. જેમ આ દુનિયામાં એ કુરઆન પઢા, તેમ અલ્લાહ આખેરતમાં ફરિશ્તાની ઝબાન પર એનું નામ ઝિંદા કરી દેશે. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

તરહ બાખબર હતા. આપના દોઆત ચારે તરફ ફેલાયેલા હતા. **તેઓના ઝૈર હુદૂદ-ખિદમતગુઝારો દાઅવતે ફાતેમીયહને શીઆ-ખોલસા દરમિયાન ઝિંદા રાખતા હતા.** મુમેનીનમાં ઈમામે હક્ક તરફના યકીનને મઝબૂત બનાવતા હતા. દુશ્મનોથી આગાહ કરતા હતા.

હાલાંકે સતરનો સખ્ત ઝમાનો હતો. ઈમાનદારો પોશીદા હતા. એમ જ ઈમામે હક્કની રિહાઈશની જગા અને આપની અવર-જવરની માઅલૂમાત મુમેનીનને ખબર ન હતી, ફક્ત ચુનંદહ દોઆત જ જાણતા હતા. એવી બંદિશોમાં અને ખૌફનાક માહૌલમાં દોઆત, આપ મૌલાના વાલિદે માજિદ મૌ.અબ્દુલ્લાહિલ મસ્તૂર અર-રઝીની વસીયત મુતાબિક અમલ બજા લાવા. આપને અંદેશો હતો કે, **આવનાર વક્તમાં ઝાલિમોનું ઝોર વધશે અને હમને માનનાર મુમેનીનને પોતાના આઅમાલ-અકીદાઓને છુપાવવા પડશે.** લેહાઝા, આપના કહ્યા મુજબ આપના ફરઝંદના વક્તે સતરમાં દોઆત કારે દાઅવત, કિશ્તીએ હિદાયત અને ઊમૂરે જમાઅત, દુશ્મનોની આઁખોથી બચીને ઘણી જ હુશિયારીથી ચલાવતા રહ્યા. ✯

**વલાયતે સાહેબે હક્ક, તે દિલનું નૂર છે.**

## જાહેલીયતના ઝમાનાની કબાહતો

**(અપની ઝબાન)**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ દુનિયામાં જે વક્ત નુબૂવત લઈને પધારા તે વક્ત લોગો જાહિલ હતા, જંગલી હતા, ગૈર-મુહઝ્ઝબ હતા, સમાજ અને સમાજી ઊસૂલ જિવું કઈ જ નોતું. જેના મનમાં જે આવે તિમ કરતું હતું. આ ઝમાનને જાહેલીયતનો ઝમાનો કહેવાઈચ. તેમાં અરબના લોગો તરહ-તરહના બદરિવાજો અને બદરસમો પાલતા હતા. જે પછી નબી સાહેબના આવવાથી તે મિટતી ગઈ અને એક ઈઝ્ઝતદાર ઈસ્લામી સમાજ ઊભો થયો.

તે કબાહતો માંસી, (૧) **ખેતી અને જાનવરો** માંસી થોરો હિસ્સો મ્હોટા ખુદા (અલ્લાહ) ના નામ પર અને થોરો હિસ્સો નાના બુત-પત્થર ની મૂરત વાસ્તે નક્કી કરતા. મ્હોટા ખુદાના હિસ્સા માંસી કોઈ ચીઝ બુતના હિસ્સામાં મિલી જાતી તો રહેવા દેતા. મગર બુતના હિસ્સાની કોઈ ચીઝ મ્હોટા ખુદામાં મિલી જાતી તો તેમાંસી નિકાલીને બુતના હિસ્સામાં પાછી મિલાવી દેતા. મતલબ એ થયો કે, બુત હાજિતમંદ છે અને મ્હોટા ખુદા નથી. (૨) તેઓ બુતો પાસે **ઔલાદનો** સવાલ કરતા, પછી ઔલાદ થાતી તો પહેલા બચ્ચાને તે બુતના સામી ઝબેહ કરતા, બલી આપતા. (૩) બુતને ખુશ કરવા તેઓ ઘના તહેવારો મનાવતા. આ દૌરાન તેઓ તરહ-તરહના બુતોના નામના **ચઢાવા, સજાવટો, જમનો, ભેટ-સૌગાત** વગૈરહ મુકતા અને જે બુતનો રખેવાલ હોય, લોગો વાસ્તે બુતને લગતી રસમો કરતો હોય, યાઅની કે પૂજારી સિવાય કોઈ પન તે ચઢાવાઓને લે નહીં, ખાય નહીં, તેને લોગ વાસ્તે અછૂટ સમઝતા. યહાઁ તક કે, બૈરાઓ તો તેને જોઈ પન ના સકે. (૪) ચોથી કબાહત તે છે કે, બુતોને નઝરાના-મિન્નતોવાલા જાનવરો પર કોઈ સવારી કરી સકે નહીં. જેમ આગલા નબીઓના ઝમાનામાં રસમો હતી, તેમ જાનવરોને બુતો વાસ્તે મખ્સૂસ કરી લેતા. હિવા જાનવરોથી કોઈ બચ્ચું ઝિંદા પૈદા થાતું, તો તેને કાપીને ફક્ત મરદો જમી સકતા અને બચ્ચું જો મરેલું પૈદા થાતું તો તેને જમવામાં મરદો-બૈરો બેવે શરીક થાતા.

દીને ઈસ્લામના સબબ બુતોનું શિર્ક મિટી ગયું અને તેને સાથે ઉપર મઝકૂર કબાહતો પન મિટી ગઈ. ✫

## દર સરકારે ફખરી
## ૪૧ માં દાઈએ મુત્લક
## સૈ.જીવાભાઈ ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.)

**તારીખે ઉર્સ મુબારક : ૨૦ શવ્વાલ**

**સાલે ઇન્તેકાલ : ૧૩૪૭ હિ./ ૧૯૨૯ ઇ.**

મૈં હું ગુલામ સૈયેદે આલી જનાબ કા,
ભર કર પિઉંગા જામ મૈં કૌસર કે આબ કા,
સૈયેદના ફખરૂદ્દીન સે મૈં દર્સયાબ હું,
મુઝકો અજાઇબ હાલ સિખાયા કિતાબ કા.
કોશિશ કી ઐસી ઇલ્મ મેં કામિલ કિયા મુઝે,
મદ્દાહ બન ગયા હું મૈં આલી જનાબ કા.
ઈનકે તુફૈલ સે યે શરાફત મિલી મુઝે,
અબ રોઝે હશ્ર ખૌફ નહીં હે અઝાબ કા.
મસ્નદનશીં જો તખ્ત પર હોતેં હૈં શાહે દીં,
કરતા હે ઝૌફિશાની ફલક આફતાબ કા.
ઈનકે કદમ કી ખાક કો ખાકે શિફા સમઝ,
જિબરીલ બોસા દેતે હૈં જિનકી રિકાબ કા.
ચાહે તો જન્નતી કરે, ચાહે તો દૌઝખી,
માલિક હે યે તમામ અઝલ કે હિસાબ કા.
આઁખોં સે સર સે શેહ કે કદમ પર ઝુકા કરૂં,
હામી હે કબ્ર મેં યે સવાલો જવાબ કા.
દાઅવત કા જો મોહિબ હે વો અબ્દે હુસૈન હે,
હક્કદાર હે મોહિબ વો ખુદા સે સવાબ કા.
તુમકો અઝાબે કબ્ર સે અય કૌમ ખૌફ ક્યા,
સાયા હે તુમ પે સિબ્તે રિસાલત-મઆબ કા.
યા રબ તું દે ઝકી કો, ઉકબા મેં સઆદત,
અદના હે ખાકસાર દરે બૂતુરાબ કા. ✫

**આઁખના નૂરની હદ્દ છે મગર દિલનું નૂર લામહેદૂદ છે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૧૨

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

**દાઇ એ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.કુ.)**

અઈમ્મતે તાહેરીન (અ.સ.) ફરમાવે છે કે, "હમારા શીઆઓ હમારી ઝીનત છે. જેમ કોઈ શખ્સ પોતાને ઝીનત આપવા અને ખૂદની ખૂબસૂરતી વધારવા તરહ-તરહના લિબાસે, અવઝારો, આલાત અને સામાને તકમીલ ઈસ્તેમાલ કરે છે, તેમ હમારી ઈમામતને ઝીનત આપવા વાસ્તે હમારા શીઅયાન અને મુમેનીનના નૈક આઅમાલ, એમની પાકીઝા સીરતો સૂરત કાફી છે. હમારા મુમેનીનની વફાદારી અને મવદ્દત હમારી ઝૈબો ઝીનત છે. જેમ એક બાદશાહ પોતાની અઝીમ અને તાકતવર ફૌજથી પોતાનો રોઅબો જલાલ કાઈમ કરે છે, તેમ હમેં અહલે બૈતે રસૂલ (અ.સ.) હમારી રૂહાની સલતનતની અઝમતને હમારા ઈમાનદારોની તાકતવર ફૌજથી કાઈમ કરીએ છે. હમેં મુમેનીન વાસ્તે રૂહાની તાકત છે અને મુમેનીન હમારા વાસ્તે હમારી ઈમામતની બહેતરીન દલીલ છે. જે ચીઝો હમારામાં છે, તે હમારા શીઆઓમાં છે અને જે ચીઝોથી હમેં હમારા શીઆઓ પર ફખર કરીએ છે, તે અલ્લાહતઆલાની તૌહીદ પર દલાલત કરે છે."

સૈ. હાતિમ સાહેબ (આ.કુ.) ફરમાવે છે કે, "અય મારા ભલા ભાઈ ! તમેં તમારા ઔલિયાએ કિરામ (રિ.અ.) ની સીરત પર ચાલજો. એમની ઝિંદગીની સાદગી અને રવિશને પહેચાનજો. એમના ઈબાદત કરવાના તૌર-તરીકા ને ગલે લગાવી દેજો. **જે વચલો રસ્તો તેઓ ચાલા હોય તેને તમેં પણ અપનાવજો.** તમને તે રસ્તાથી ઝરૂર મદદ મિલશે. જો તમેં તે રસ્તોના મકસદો અને મંઝિલોને જાણી ગયા તો તમેં જીતનારાઓ સાથે જીતી જાશો. આ તમારી એવી ફઝીલત છે કે, જેના સબબ **તમારા દિલમાંથી તમામ ખૌફ દૂર થઇ જાશે** અને દુનિયાવી નુકસાનનો કોઈ અંદેશો તમને નહીં હોય. આવા ખુસૂસી બંદાઓમાં ખુદા તમને શામિલ કરે અને તેના અહેસાનો કરમથી તેઓ સાથે જોડી દે."

રસૂલુલ્લાહ બાવાજી પોતાના અસ્હાબને ફરમાવે છે કે, "જે દિવસે ખુદાતઆલાના અર્શના સાયા સિવાય કોઈ બીજો સાયો નહીં હોય તે દિવસે ખુદાના સાયાની તરફ પહેલામાં પહેલા આવનારાઓ કોણ હશે તે તમેં જાણો છો ?" સઘલાએ અરઝ કીધી કે, ખુદા અને ખુદાના રસૂલ કરતા ઝિયાદહ ઈલ્મ કોણે નઝદીક હોય શકે !! આપ જ રિસાલતના સાહેબ છો અને આપ જ ઈલાહી ઈલ્મના માલિક છો. આપ નબી સાહેબે ફરમાવું કે, અય મારા અસ્હાબ ! પહેલામાં પહેલા તેઓ આવશે કે, જે હક્ક તેઓને આપવામાં આવો હોય, તે કુબૂલ કરે, કુસૂર ના કરે. હર વક્ત તે હક્કને સાચવે અને હક્કદાર વાસ્તે ખર્ચ કરે. **જ્યાં જેટલી હાજિત હોય ત્યાં જ હક્કને ઝાહિર કરે.** હક્ક વાસ્તે સવાલ થાય તો બિલા-ઝિઝક એ સવાલ કરનારને તેના ઝરીએ ફાયદો પહોંચાડી આપે. હક્કને એની જાનથી એ મુજબ લગાવીને રાખે કે, જે એ પોતાની જાન વાસ્તે હુકમ કરે યા પસંદ કરે, તે જ બીજા મુમેનીન વાસ્તે પસંદ કરે. જો કોઈ શખ્સ આ તરહ હક્કને સાચવીને અમલ નહીં કરે યાઅની કે, બીજા ભાઈઓ-મુમેનીન વાસ્તે નાપસંદીદહ ચીઝને પોતાના વાસ્તે પસંદ કરશે, તો એનું ઈમાન હરગિઝ કામિલ નહીં થાય."

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ ફરમાવું કે, અય મુફઝ્ઝલ ! તમેં યાદ રાખો કે, મુમિનની ખસ્લતો ઘણી જ નાયાબ અને ઊંચી છે. હમારા માનનાર મુમેનીન-શીઅયાન બીજા લોગો કરતા હઝાર ગુના બરતર અને બહેતર છે. તે ખસ્લતોને તમેં પૂરી ઝિંદગી અપનાવજો અને તમારા અહલને પણ તે તરફ રગબત દેજો અને હમારા આ અલ્ફાઝને તેઓના દિલોમાં ઝિંદા કરજો.

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**નૂરના લોગો અને અંધારાના લોગો એક સાથે ના થઈ શકે.**

## અપની ઝબાન

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે, હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવેરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે, જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**અગન્ની** : સુવાવડ પહેલા જે બૈરોને હમલની નિશાની દેખાય તેનો લફઝ

**ભસકટ લોગો** : ખરાબ જાહિલ લોકો જે સહી વાતને અને દલીલને ના સમઝે

**ચબરખી** : નાનો કાગઝ યાદી વાસ્તે

**ઢક્કેલ પંચા દોઢસો** : બધું ચલાવી લેવું, કોઈ ફિકર બગૈર બહેતરી બગૈર ચાલવા દેવું

**ફટ્ટુસ** : બુઝદીલ, ડરપોક, મુકાબેલો કરવાને બદલે નાસી છૂટવું. ✫

---

(પેજ નં. ૧૩ નું બાકી)

- હમારા શીઅયાન તે છે કે જે, પોતાના માલમાં ભાઈઓનો હિસ્સો રાખે. ભાઈઓમાં હક્કને બરાબર તકસીમ કરે.
- હમારો મુમિન દુનિયાની ગરીબીને તેની ફના થાનારી દૌલત કરતા ઝિયાદહ પ્યારી કરે.
- મૌતને હક્ક સમઝે, અફઝલ સમઝે, તે પહેલા કે દુનિયાની શયતાની ઝિંદગી એને એના મૌત પહેલા જ મારી નાંખે.
- બીમાર શખ્સ તરફ નઝર કરે અને બીમારીથી ઈબરત લે તે હાલમાં કે મુમિન તંદુરસ્ત હોય.
- પોતાના ગુનાહોને માંજવા, મિટાવવા, મુસીબતને આવવાનો ઈસ્તિકબાલ કરે, તે હાલમાં કે એ ખૂબ ખુશ હોય, રાહતો ચૈનમાં હોય.
- તંગદસ્તીને પહેલા યાદ રાખે કેમકે, તે હાલત સબર કરતા શીખાવે છે. રોઝી આવવાના હાલમાં ખુદાનો શુક્ર ના મુકે.
- ઝલીલ થાવાથી ના ડરે, કેમકે મુમિનના ડગલે-પગલે દુશ્મનો છે. આ દુનિયા ઝિલ્લતનું ઘર છે અને આખેરત ઈઝ્ઝતનું ઘર છે. ✫

**હસદના અંધારાની આગમાં રહેનારો શિકસ્તા હોય છે.**

## થઈ જાવ

➟ તમેં કોઇ ગુનાહગારને જોવ અને એનો ગુનાહ સાબિતશુદા હોય અને તમેં એના સબબ નુકસાન ઉઠાવું હોય અને તમેં એને સઝા આપવાની પૂરી તાકત રાખતા હોવ, તો તમેં એમ કરવા પર રૂકી જાવ. તમારી તાકત તેમાં નથી કે, તમેં એને સઝા કરો, મગર તમારી તાકત એ ગુનાહગારને **બહેતર તૌરથી મુઆફી-દરગુઝર** આપવામાં છે. તમેં મુઆફ કરનાર થઈ જાવ.

➟ તમારા પાસે જે વકત કઇ જ ના હોય તો બીજાને આપવાનો કે મદદ કરવાનો સવાલ થાતો નથી. હવે, જે વક્ત અલ્લાહતઆલા તમને દૌલતથી નવાઝે, માલિક કરે, વસાઇલવાલા કરે, પહોંચવાલા કરે, તો તમેં અદલો ઈન્સાફથી કામ લો. ઝરદાર માલિકની ઈઝ્ઝત તેનામાં છે કે, એ બીજાને આપવાની-મદદ કરવાની આદત રાખે. જઝબએ સખાવતને એના દિલમાં ઉભારે. જેથી, ઝરદાર દૌલતમંદ તરીકેની એની ઈઝ્ઝત બરકરાર રહે. પાની કોઇ એક જગા પડી રહે, **તો તે ગંદુ થઇ જાય.** એ જ મુજબ દૌલત, ઈસ્તેમાલ કીધા બગૈર પડી રહે, **તો તેમાંથી બરકત ઊઠી જાય છે.** તો તમેં સખવાત કરનાર થઈ જાવ.

➟ લોગોનું એવું ઝહેન છે કે, તેઓ પોતાની નઝર સામે જે છે, પોતાન પાસે જે છે, પોતાની ઝિંદગી જે તરહ તેઓ જીવે છે, આમદની-ખર્ચાઓ કરે છે, તેને જ હકીકત માને છે. યાઅની, આ દુનિયાની ઝિંદગી જ બધું છે. જે ઐશ કરવો હોય, કમાવવું હોય, મોજ-મઝા કરવો હોય તે કરી લો. આ તરહની ખતા-ભરેલી સોચથી લોગો જીવે છે. મગર, હકીકત અને સચ્ચાઇ તો એ છે કે, **દુનિયાને ફક્ત જિસ્મની ઝરૂરત છે અને આખેરતને ફક્ત અમલ-ઇમાનની ઝરૂરત છે.** ફના થાવાવાલા જિસ્મથી તમને અમલવાલી આખેરતમાં જાવાનું છે. તે વાસ્તે પાકીઝા અમલ અને પુખ્તા ઈમાન સિવાય બીજું કઇ જ નહીં ચાલે. તો, તમેં આ જિસ્મવાલી દુનિયામાં એવું જીવીને જાવ કે, તમેં અમલવાલી આખેરતમાં કામિયાબ થઈ જાવ. ✯

## નમાઝ

રબ્બુસ્સમાઁ સે હોતી હૈ કુરબત નમાઝ મેં, અફલાક સે બરસતી હૈ રહેમત નમાઝ મેં.
હોતા હૈ બંદા ખાલિકે કૌનેન સે કરીબ, કરતા હૈ બંદા જિસ ઘડી સજદા નમાઝ મેં.
પઢતેં રહો નમાઝ હમેશા અય મુમિનોં, ઈસ્લામ મેં ન આઇ હૈ રૂખ્સત નમાઝ મેં.
જાઈઝ નહીં નમાઝ તહારત અગર નહીં, વાજિબ હૈ કર લો પહેલે તહારત નમાઝ મેં.
હોતા હૈ બોઝ ઉન પે જો પઢતેં નહીં નમાઝ, ખૌફે ખુદા હો દિલ મેં તો રાહત નમાઝ મેં.
પઢતેં હૈ પાઁચ ફર્ઝ હમેશા નમાઝ જો, પૂછો તો ઉનસે કૈસી હૈ લઝ્ઝત નમાઝ મેં.
કરતી હૈ ફર્ક મુમિનો કાફિર કે દરમિયાઁ, આઇ હૈ ઈસ તરહ સે રિવાયત નમાઝ મેં.
સમઝાઓ સમઝે ક્યા કોઈ હુરમત નમાઝ કી, મીલતી હૈ દો જહાઁ કી સઆદત નમાઝ મેં. ✯

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✯

**ઈલાહી નૂરની રોશનીમાં રહેનારો ઝફરયાબ હોય છે.**

## લિસ્ટ

જહાનના લોગોના બે જ ફરીક-ગ્રુપ છે. એક ભલા લોગોનું ફરીક અને બીજું બુરા લોગોનું ફરીક. કોઈ ફરીક એવું નથી, જેમાં ભલા-બુરા બેવે તરહના લોગો હોય. એવું બિલકુલ ના બને કે, કોઈ શખ્સ થોડો જન્નતી હોય અને થોડો જહન્નમી હોય. એક દિન રસૂલુલ્લાહ બાવાજી લોગોને દરમિયાન ખુત્બો સંભલાવી રહ્યા હતા. આપે આયતે કુરઆનીયહ પઢી કે, **"ફરીકુન ફિલ જન્નતે વ ફરીકુન ફિસ સઇર"**, અને પછી આપના જમણા હાથને લંબો કીધો, દરાઝ કીધો. પછી આપે હથેલીથી એક કબ્ઝો લીધો યાઅની આપની આંગલીઓને હથેલીમાં નાંખી દીધી. આપે ફરમાવું કે, "અય લોગો ! તમેં જાણો છો કે, આ મારી હથેલીમાં શું છે ? સઘલા હાઝેરીને જવાબ દીધો કે, અલ્લાહ અને અલ્લાહના રસૂલ ઝિયાદહ જાણે ! આપ જ ફરમાવો. આપે ફરમાવું કે, **"આ મારી હથેલીમાં જન્નતવાલાઓ અને તેના કબીલાવાલાઓ અને તેઓના બાવાજીઓ-દાદાજીઓ-નાનાજીઓના નામો છે.** હમારા સબબ અને તમારી દોઆઓના સબબ અલ્લાહતઆલાએ એ તમામને બખ્શી દીધા છે. તેઓને ખૈર મંઝેલત મિલી ચુકી છે. તમેં તેઓને યાદ કરા કરજો, જેથી તેઓ તમારાથી ખુશ-ખુશ થઈ જાય."

તે બાદ, આપ નબી સાહેબે અપનો ડાબો હાથ દરાઝ કીધો. જમણા હાથ મુજબ જ આપે ડાબા હાથની મુઠ્ઠી વાલી દીધી. આપે ફરમાવું કે, "અય લોગો ! આ મારા ડાબા હાથમાં જહન્નમવાલાઓ અને તેના કબીલાવાલાઓ અને તેઓના બાવાજીઓ-દાદાજીઓ-નાનાજીઓના નામો છે. હમારી દુશ્મની અને હમારી ઈતાઅતના ઈન્કારના સબબ અલ્લાહતઆલાએ એ તમામને આ **સઝા અને અઝાબ આપો છે.** તેઓને તેમના બદ અમલનું ઠેકાણું મિલી ચુકું છે. તમેં તેઓને જોઈને સબકઅમોઝ થાજો, જેથી તમારી આખેરત તેઓ મુજબ ના થાય બલ્કે આખેરત સુધરી જાય."

આપ નબી સાહેબે ફરમાવું કે, "અલ્લાહનો હુકમ સૌથી મઝબૂત છે, અટલ છે, સાબિત છે અને આખિરી છે. જે આ હુકમને ના સમઝા તેઓ ગુમ્રાહ થઈ ગયા. અલ્લાહની મરઝી તો એ જ છે કે, લોગો એક ઉમ્મત બનીને રહે, એક જ દીન પર રહે અને નબીથી જ હિદાયતને તલબ કરે. મગર ચંદ લોગો તેની રહેમતમાં દાખિલ થયા અને ચંદ લોગો ઝાલિમ બની ગયા. હવે જે દાખિલે રહેમત થયા તેઓ અલ્લાહના વલીના સાયામાં રહ્યા અને **તેઓનું નામ ફહેરિસ્તે જન્નતમાં આવી ગયું.** આના સિવાયના લોગો જહન્નમીઓના લિસ્ટમાં શામિલ થઈ ગયા. ✯

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.